# ઈઝરાયલ જઈને આ સ્ટુડન્ટ્સ શીખી આવ્યા આંત્રપ્રિન્યોરશિપના પાઠ



▶IIT-Gn અને PDPUના સ્ટુડન્ટ્સે ઈઝરાયલની મુલાકાત લીધી.

STUDENTSTRIP

સિટી રિપોર્ટર : અમદાવાદ

ઈઝરાયલની ગણના આમ તો હાઈટેક નેશન તરીકે થાય છે પરંતુ ઉદ્યોગ સાહસિકતાના પાઠ શીખવા માટે આઈઆઈટી- ગાંધીનગર અને પીડીપીયુના 22 વિદ્યાર્થીઓ તાજેતરમાં ઈઝરાયલની એકેડેમિક ટૂર પર જઈ આવ્યા છે.

ઈઝરાયલની મુલાકાત પછી હવે મોટાભાગના વિદ્યાર્થીઓએ જોબને બદલે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરવાનો નિર્ધાર કર્યો છે. આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થી સુમિત દેશમુખે જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપ નેશન તરીકે ઈઝરાયલ ઓળખાય છે. 15 દિવસની ટૂર દરમિયાન અમે ટેક્નિયોન યુનિવર્સિટી, હાઈફા, તેલ અવીવ અને જેરુસલેમ શહેર-ની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત અમે બે મોટી કંપની ગિવેન ઈમેજિંગ અને મેલેનોક્સની મુલાકાત લીધી હતી, જ્યાં કંપનીના ઉચ્ચ અધિકારીઓએ સ્ટાર્ટઅપ શરૂ કરવા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેલ અવીવમાં ગૂગલના હાઈટેક કેમ્પસમાં મેન્ટરશિપ અંગેના લેક્ચર્સ અને સેમિનારમાં ભાગ લીધો હતો. જેરૂસલેમમાં અમે ઈન્ક્યુબેટર્સને મળ્યા હતા.આ ઉપરાંત હોલોકોસ્ટ મ્યુઝિયમ, ડેડ સી અને સીટી ટૂર અમે કરી હતી. આ ટૂર આઈક્રિએટ દ્વારા સ્પોન્સર્ડ કરવામાં આવી હતી.

## નવું વેન્ચર શરૂ કરીશ

પીડીપીયુના વિદ્યાર્થી જૈમિન મોદીએ જણાવ્યું હતું કે પીડીપીયુમાંથી એક વિદ્યાર્થિની સહિત 10 વિદ્યાર્થીઓ ઈઝરાયલની ટૂર પર ગયા હતા. ભારતની સરખામણીમાં ઈઝરાયલમાં પ્રતિ વ્યક્તિ 300 ગણા વધારે નવા વેન્ચર્સ શરૂ થાય છે. આ ટૂર પછી મારું ફોક્સ બદલાયું છે અને હવે હું નવું વેન્ચર શરૂ કરીશ. ઈઝરાયલમાં અમે એ શીખ્યા કે નવા વેન્ચર્સ શરૂ કરવા માટે આઈડિયાનો અમલ કેવી રીતે કરવો અને સમસ્યાઓને કેવી રીતે ઉકેલવી જોઈએ.

આઈઆઈટીની વિદ્યાર્થિની અર્ચિતા શર્માએ જણાવ્યું હતું કે હું ઈન્ટરનેટમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાનું વિચારી રહી છું. ભારત અને ઈઝરાયલમાં મહિલાઓ બહુ ઓછી સંખ્યામાં સ્ટાર્ટઅપ શરૂ કરે છે પરંતુ ત્યાં હું કેટલીક મહિલાઓને મળી કે જે પોતાનો વ્યવસાય કરે છે અને તેમની પાસેથી મને ઘણી પ્રેરણા મળી છે. જ્યારે આઈઆઈટીના આકાશ કેશવે જણાવ્યું કે નવો વ્યવસાય શરૂ કરવા માટે ભારતની સરખામણીમાં ઈઝરાયલમાં ઈકો- સિસ્ટમ સાવ જુદી પરંતુ પ્રોત્સાહક છે. ભારતમાં કોલેજમાં જ સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈએ.